ધનસુરામાં ધોધમાર વરસાદ

ધનસુરામાં ધોધમાર વરસાદ વરસ્યો હતો. સવારથી જ વાદળછાયા વાતાવરણ વચ્ચે વરસાદ વરસ્યો હતો. વરસાદ વરસાદ રોડ પર પાણી ભરાયા હતા જેથી વાહન ચાલકોને મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. વરસાદ વરસતા વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી. વરસી રહેલા વરસાદથી ખેડૂતોમાં આનંદની લાગણી ફેલાઈ હતી.

મોડાસા તાલુકામાં શિક્ષકોના ઉચ્ચત્તર પગાર ધોરણ મંજુર કરવા ૪ હજાર રૂપિયાનું ઉઘરાણું

જિલ્લા મહામંત્રી આશિષ પટેલની ઉચ્ચકક્ષાએ રજૂઆત

મોડાસા, તા. ૯

મોડાસા તાલુકા પંચાયત શિક્ષણ શાખાનો ભ્રષ્ટાચાર વધુ ને વધુ ચર્ચામાં આવવા લાગ્યો છે. મોડાસા તાલુકા પંચાયત શિક્ષણ શાખામાં ભ્રષ્ટાચાર એક આદત બની ગયો હોય એમ ફરી એકવાર શિક્ષકોના ઉચ્ચતર પગાર ધોરણ મંજૂર કરવા માટે શિક્ષકો પાસેથી ૪ હજાર રૂપીયાનું ઉઘરાણું કરવાનું ચર્ચામાં આવ્યું છે. અરવલ્લી જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘના મહામંત્રી આશિષભાઈ એ. પટેલે જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીને લેખિતમાં રજૂઆત કરી જણાવ્યું છે કે મોડાસા તાલુકા પંચાયતમા શિક્ષકોના ઉચ્ચતર પગાર ધોરણ અને સળંગ સિનિયોરીટીના લાભ માટે શિક્ષક દીઠ ૪ હજાર રૂપિયાનું ઉઘરાણું કરવા જૂથ મંત્રીને જ સુચના આપી દેવામાં આવી છે. વધુમાં તેમણે જણાવ્યું છે કે મોડાસા તાલુકામાં હાલમાં ૪૦૦ થી ૫૦૦ શિક્ષકોને આ લાભ લેવાનો થતો હોય શિક્ષક દીઠ ૪ હજાર રૂપિયાનું ઉઘરાણું થાય તો ૧૬ થી ૨૦ લાખ રૂપિયાનું કૌભાંડ થવાની શક્યતાઓ છે, ત્યારે શિક્ષકોનું કામ એક પણ રૂપિયો લીધા વગર ઝડપથી થાય અને ખોટું ઉઘરાણું કરાવનાર કૌભાંડીઓ વિરુદ્ધ યોગ્ય કાર્યવાહી કરવા માટે જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીથી લઈ ઉચ્ચકક્ષાએ પણ રજૂઆત કરી છે. જીલ્લા મહામંત્રી આશિષ પટેલે મોડાસા તાલુકાના શિક્ષકો માટે અવાજ ઉઠાવ્યો છે. ત્યારે મોડાસા તાલુકાના હોદેદારો આ બાબતે કેમ ચૂપકીદી સેવી રહ્યા છે ? શિક્ષક સંઘની ચૂંટણી વખતે પોતે કર્મઠ અને શિક્ષકોના સાચા સેવક તરીકેનો પ્રચાર પ્રસાર કરનારા મોડાસા તાલુકાના એક શિક્ષક આગેવાન આજે ખરેખર શિક્ષકોના નહીં પણ અધિકારીઓ માટે કર્મઠ અને સાચા સેવક સાબિત થયા છે તેવુ શિક્ષક આલમમાં ચર્ચાઈ રહ્યું છે.

દોષીત સામે શિક્ષાત્મક કાર્યવાહી કરાશે : જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી

મોડાસા તાલુકા પંચાયત શિક્ષણ શાખામાં શિક્ષકોના ઉચ્ચતર પગાર ધોરણ મંજુર કરવા બાબતે તાલુકા પંચાયત દ્વારા ૪ હજાર રૂપિયાના ઉઘરાણાંની લેખિત રજૂઆત બાદ અરવલ્લીજિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીએ જણાવ્યું હતું કે શિક્ષકોની ઉચ્ચતર પગારની કામગીરીનો કોઈપણ પ્રકારનો ભ્રષ્ટાચાર નહીં થાય અને શિક્ષકોનું કામ પણ ઝડપથી થશે. તપાસ દરમિયાન કોઈ કસૂરવાર જણાશે તો શિક્ષાત્મક કાર્યવાહી કરાશે. આશિષ પટેલ ધ્વારા જિલ્લાના તમામ શિક્ષકોને સોશિયલ મીડિયામાં મેસેજ દ્વારા જાણ કરી છે.

અરવલ્લી જિલ્લામાં મેઘમહેર, વાતાવરણમાં ઠંડક, ખેતીને જીવતદાન

મોડાસા, તા. ૯

અરવલ્લી જિલ્લામાં મેઘરાજાએ લાંબો વિરામ ફરમાવતાં સૌના મનમાં ચિંતાના વાદળો છવાયા હતા. પરંતુ છેલ્લા ૨ દિવસથી જિલ્લામાં વરસાદી વાતાવરણ બનતાં સર્વત્ર મેઘમહેર થઈ હતી. જિલ્લામાં સર્વત્ર વરસાદ વરસતાં ખેડૂતોમાં રાહત વર્તાઈ હતી અને ખેડૂતોએ કરેલ વાવણીને જીવતદાન મળતાં ખેડૂતોમાં આનંદ છવાયો હતો જયારે મોડાસા શહેરમાં મૂશળધાર વરસાદ વરસતાં નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયા હતા. એક ઈંચથી વધુ વરસાદ થતાં વાતવરણમાં ઠંડક પ્રસરી હતી. મોડાસા, માલપુરમાં અર્ધો ઈંચ વરસાદ ખાબક્યો હતો. આમ મેઘરાજાની ધમાકેદાર એન્ટ્રી થતાં ખેડૂતોમાં ખુશાલીનો માહોલ જોવા મળી રહયો હતો.

અરવલ્લી જિલ્લામાં સાર્વત્રિક મેઘમહેર જોવા યથાવત છે. જિલ્લાના મોડાસા, ધનસુરા, બાયડ, માલપુર સહિતના તાલુકાઓમાં ધોધમાર વરસાદ પડતા લોકોમાં ખુશીનો માહોલ જોવા મળ્યો હતો. ચાલુ વર્ષે શ્રાવણ માસ સુધી વરસાદની ઘટ હોવાથી ખેડૂતો તેમજ જિલ્લાવાસીઓ ચિંતામાં મુકાયા હતા. જો કે આજે વહેલી સવારથી જ જિલ્લામાં ધોધમાર વરસાદ વરસતા લોકોમાં ખુશી છવાઈ હતી. તો સાથે જ સમગ્ર જિલ્લામાં શ્રીકાર વરસાદ થતાં ખેડૂતોએ મહામહેનતે વાવેલ ખરીફપાક જે ખેતરમાં મુરજાતો હતો તેને પણ જીવનદાન મળ્યું હતું.

બાયડ તાલુકાના ચાંપલાવત નજીક અકસ્માત થતા એકનું મોત એક ઘાયલ

બાઈક તથા કાર વચ્ચે અકસ્માત સર્જાયો

બાયડ

બાયડ તાલુકાના ચાંપલાવત નજીક તારીખ ૯-૮-૨૦ ના રોજ રાત્રીના સુમારે કાર તથા બાઈક વચ્ચે અકસ્માત સર્જાતા ઘટના સ્થળ ઉપર એકનું મોત નીપજ્યું હતું તથા એક ને ઈજાઓ પહોંચતા સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો. ધડાકાભેર અકસ્માત થતા બાઈક ચાલક સબૂરસિંહ સોલંકી રહે વજાવત તાલુકો બાયડ નું ઘટના સ્થળ ઉપર જ મોત નીપજ્યું હતું તથા બાઈક પાછળ બેસેલ વિક્રમસિંહ સોલંકી ને ઈજાઓ થતાં સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો તથા બાઈકચાલક નું મોત નીપજાવી કારચાલક GJ-09-KG ૯૭૭૫નો ચાલક ફરાર થઈ ગયો હતો. સાઠંબા પોલીસે કાળુ સિંહ સોલંકી ની ફરિયાદના આધારે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

હિંમતનગરમાં રામજી મંદિરે કારસેવકોનું સન્માન કરવામાં આવ્યું

હિંમતનગર

અયોધ્યામાં રામ મંદિર ભૂમિપૂજનનો ભવ્ય ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી. જેમાં અનેક રામભક્તોના બલિદાન બાદ આ પાવનગડી આવી હતી એ પ્રસંગે અનેક લોકોએ કારસેવામાં હાજરી આપી હતી. હિંમતનગર શહેરમાં હડીયોલપુલ છાપરીયા રામજી મંદિરમાં રામભક્તો કાર સેવકોનું વશિષ્ટ સન્માન કરવામાં આવેલ. સ્વામી વિવેકાનંદ ગુજરાત રાજય યુવક બોર્ડ તથા હિન્દુ યુવા સંગઠન દ્વારા કાર સેવકોના હસ્તે રામજી મંદિરમાં ભગવાન રામની પૂજા અર્ચના કરી આરતી ઉતારવામાં આવી હતી. આ પ્રસંગે કાર સેવકો પંકજ ધુવાડ, નરેન્દ્રસિંહ સોલંકી, જગદીશ સથવારા, જગદીશ સોરઠીયા તથા સંજય સથવારાનું સન્માન કરવામાં આવેલ. આ પ્રસંગે સ્વામી વિવેકાનંદ ગુ.રાજય યુવક બોર્ડના બિપીનભાઈ ઓઝા, મંથન પંચાલ, ગોપાલભાઈ પ્રજાપતિ, હિન્દુ યુવા સંગઠનના સવરીનભાઈ પટેલ, પ્રફુલ્લ સોની, સુનિલ શાહ, પ્રતિક પટેલ, કનુભાઈ દેસાઈ, તેજસ પટેલ વગેરે હોદેદારો ઉપસ્થિત રહ્યા હતા.

ભિલોડાના માંકરોડા ગામે ઘર આગળ ખુલ્લામાં જુગારધામ ધમધમતું હતું

પોલીસે ત્રાટકી ૫ શકુનિઓને ૧.૨૬ લાખના મુદ્દામાલ સાથે દબોચ્યા

ભિલોડા, તા. ૯

અરવલ્લી જીલ્લામાં શ્રાવણ મહિનામાં ગ્રામ્ય વિસ્તારોમાં પણ જુગારની બદી ફૂલીફાલે છે. શકુનિઓ પોલીસ પકડથી બચવા ગ્રામ્ય વિસ્તારોમાં ચાલતા જુગારધામમાં ધામા નાખતા હોય છે, ત્યારે ભિલોડાને અડીને આવેલા માંકરોડા ગામે રાજેશ જીવાભાઈ ખરાડી નામનો શખ્સ ઘર આગળ જુગાર રમાડતો હોવાથી આજુબાજુથી શકુનિઓ જુગાર રમવા પહોંચતા હોવાની બાતમી ભિલોડા પીએસઆઈ કે.કે. રાજપૂતને મળતા માંકરોડા ગામે ત્રાટકી ૫ શકુનિઓને ૧.૨૬ લાખના મુદ્દામાલ સાથે દબોચી લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

ભિલોડા પોલીસે માંકરોડા ગામે રાજેશ જીવાભાઈ ખરાડીના ઘર બહાર ખુલ્લી જગ્યામાં ૫ શકુનિઓ હારજીત પાનાંનો જુગાર માંડીને બેઠા હતા. ભિલોડા પોલીસ ત્રાટકતા ખેલીઓના ખેલમાં ભંગ પડ્યો હતો ગોળ કુંડાળુ વળી જુગાર રમતા વિનોદભાઈ સોમાભાઈ સુથાર રહે.ધોલવાણી, યશકુમાર રાજુભાઈ જોષી રહે.પીપળાફળી ભીલોડા, રાહુલકુમાર ઉર્ફે રોનીક શીવાભાઈ પટેલ રહે.સાઈમંદીર પાસે કુમકુમ સોસાયટી મોડાસા, શૈલેષકુમાર ઉર્ફે પીન્યુ કાન્તીભાઈ વાળંદ રહે.ધોલવાણી, રાજેશભાઈ જીવાભાઈ નિનામાને ઝડપી પાડી શકુનિઓ પાસેથી રોકડ રકમ રૂ .૪૦,૪૦૦ તેમજ મોબાઈલ નંગ -૩ કી. રૂ .૨૬,૦૦૦ તથા પલ્સર મોટર સાયકલ તથા સ્પેન્ડર મોટરસાયકલની કી. રૂ .૬૦,૦૦૦ મળી કુલ કી. રૂ .૧,૨૬,૪૦૦ ના મુદામાલ સહીત ૫ જુગારીઓને ઝડપી પાડી જુગારધારા હેઠળ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

મોડાસા ટાઉન પોલીસે કડિયાવાડા વિસ્તારમાંથી

પાંચ અને કોલેજ છાપરા પાછળથી આઠ શકુનિઓને ઝડપ્યા : જુગારીઓમાં ફફડાટ

મોડાસા શહેરમાં અનેક વિસ્તારોમાં શ્રાવણીઓ જુગાર રમવાની મોસમ પૂર બહારમાં ખીલી ઉઠી છે શહેરના માલેતુજાર શકુનિઓ ફાર્મ હાઉસ અને ફ્લેટમાં જુગાર રમતા હોવાથી પોલીસ પકડથી દૂર રહે છે મોડાસા ટાઉન પોલીસે કડિયાવાડા વિસ્તારના નાકે ખુલ્લામાં જુગાર રમતા ૫ શકુનિઓ અને કોલેજ છાપરા વિસ્તારમાં પાછળની બાજુએ હારજીતની બાજી લગાવી બેઠેલા ૮ જુગારીઓને ઝડપી પાડ્યા હતા મોડાસા ટાઉન પોલીસે ૨ ૨ હજારથી વધુની રોકડ રકમ જપ્ત કરી જુગારીઓને જેલના સળિયા પાછળ ધકેલી દઈ કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી.

મોડાસા ટાઉન પોલીસ સ્ટેશન વિસ્તારમાં અસામાજિક પ્રવૃત્તિઓએ માજા મૂકી છે મોડાસા શહેરમાં વરલી-મટકાના સ્ટેન્ડ સ્ટેટ વિજિલન્સના દરોડા પછી અંકુશમાં આવતાં જુગારીઓ પત્તા-પાનનો જુગાર તરફ વળ્યા છે મોડાસા ટાઉન પીઆઈ વાઘેલા અને તેમની ટીમે બાતમીના આધારે કડિયાવાડા વિસ્તારના નાકે ખુલ્લામાં હારજીતની બાજી લગાવી બેઠેલા ૧)ચિરાગ ઉર્ફે કુત્તો રમેશભાઈ કડિયા,૨)ઉમેશ ભુપેન્દ્રભાઈ કડિયા,૩)પરસોત્તમ કિશનલાલ રાણી,૪)કૃષ્ણકાંત ઉર્ફે કમલેશ શામળભાઈ કડિયા અને ૫)વિષ્ણુ ફોજાજી મારવાડી ને ૧૮૧૦ રૂપિયા સાથે ઝડપી પાડી જુગારધારા હેઠળ કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી.

મોડાસા ટાઉન પોલીસ સ્ટેશનની સર્વલન્સની ટીમે મોડાસા કોલેજ પાછળ આવેલા છાપરાં વિસ્તારની પાછળ ખુલ્લી જગ્યામાં છેલ્લા કેટલાય સમય થી ધમધમી રહેલા જુગારધામ પર ત્રાટકી ૧)ઈસ્માઈલ ઈકબાલ હુસેન સુથાર,૨) રમેશ કામજીભાઈ ખરાડી,૩) સોહીલ હમીરભાઈ ભટ્ટી ,૪) આરીફ દાદુભાઈ ભટ્ટી,૫) મોહસીન અજિતખાન ભટ્ટી,૬) ઈમરાન અબ્દુલભાઈ મકરાણી ,૭) જાવેદ સાબીરખાન ભટ્ટી,૮)સાબિર ઈબ્રાહીમખાન ભટ્ટી ને ઝડપી પાડી રૂ.૨૦૫૧૦/- ની રોકડ રકમ અને મુદ્દામાલ જપ્ત કરી ગુન્હો નોંધી કાર્યવાહી ધરી હતી.

માનવસેવા ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા એક અનોખી પહેલ કરાઈ

ટ્રસ્ટ દ્વારા છેલ્લા અઢી વર્ષથી ટિફિન સેવા ચલાવવામાં આવે છે

બાયડ, તા. ૯

બાયડ તાલુકાના ગાબટ ગામે છેલ્લા અઢી વર્ષથી માનવસેવા ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા સેવાકીય પ્રવૃતિ ઓ શરૂ કરવામાં આવી છે. ટિફિન સેવામાં એક ટાઈમ વિનામૂલ્યે જરૂરિયાતમંદોને જમાડવામાં આવે છે. કોઈ પણ પ્રકારના ભેદભાવ રાખ્યા વગર દરેક કોમના લોકોને આ સેવા આપવામાં આવે છે.

હાલમાં ૩૨ જરૂરિયાતમંદો જેમાં હિન્દુ મુસ્લિમ તેમજ અન્ય લોકોને આ લાભ મળી રહે છે આ ઉપરાંત આદર્શ સમૂહલગ્ન ૨૯ ડિસેમ્બરના રોજ યોજવામાં આવ્યો હતો તેમાં એક પણ રૂપિયાનો ચાર્જ લીધા વગર દાતાઓના તેમજ ટ્રસ્ટના મેમ્બર્સ દ્વારા ત્રણ જરૂરિયાતમંદ દીકરીઓના લગ્ન કરાવવામાં આવ્યા હતા. જેમાં કન્યાઓને ઘરવખરી તથા અન્ય વસ્તુઓ પણ આપવામાં આવી હતી. ઉપરાંત આ ટ્રસ્ટ દ્વારા અસ્થિ બેંકની સેવા જે કોઈ પણ મૃતક પામેલ વ્યક્તિઓના અસ્થિ ધાર્મિક જગ્યા સુધી પહોંચાડી આપવાની વ્યવસ્થા પણ કરવામાં આવે છે.

ટ્રસ્ટ દ્વારા આ માટે કોઈપણ ચાર્જ લેવામાં આવતું નથી. આ ઉપરાંત ટ્રસ્ટ દ્વારા દરેક ટિફિન લાભાર્થીઓને અંબાજી શામળાજી તેમજ ડાકોર જેવી ધાર્મિક ટુર કરવામાં આવે છે. માનવસેવા ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા આવા ઉમદા કાર્યને લોકોએ બિરદાવ્યો હતો. માનવસેવા ચેરીટેબલ ટ્રસ્ટનું સંચાલન પ્રમુખ હિતેશભાઈ સોની, ટ્રસ્ટી પ્રવીણચંદ્ર શાહ, ઉપપ્રમુખ અશોકભાઈ પટેલ તથા અન્ય સભ્યો દ્વારા કરવામાં આવે છે.

જન્માષ્ટમીના તહેવારોમાં રાંધણછઠ્ઠનું મહત્ત્વ અનેરૂ હોય છે પરંતુ કોરોનાના કપળા કાળમાં તહેવારો જરિયાતમંદ માટે ઉજવવા ખૂબ જ કપરા છે. ત્યારે નટુભાઈ ચૌધરી ટેબલ ટ્રસ્ટ અને જાયન્સ મોડાસા તરફથી તહેવારોની ઉજવણી કરી શકાય તેવી રેશનીંગ કીટ શાકભાજી સહિતની ચીજવસ્તુઓ દિવ્યાંગ વિકલાંગ પરિવારની દીકરીઓને સર્વ શિક્ષા અભિયાન આઈએડી વિભાગના સહકારથી પૂરી પાડી આ કાર્યક્રમમાં જાયન્સ ઝોન ઉપપ્રમુખ નિલેશભાઈ જોષી, મોડાસા જાયન્ટસ પ્રમુખ નરેન્દ્ર પટેલ, મંત્રી પ્રવીણ પરમાર, જાયન્ટસના સભ્યો ભગીરથભાઈ, નરેશભાઈ પારેખ, દક્ષેશભાઈ પટેલ, મહિયાપુર કિરણ પૂજારા, અમિત કવિ, તારાચંદ મહેશ્વરી હાજર રહ્યા હતા.